# પરિશિષ્ટ

## ડ્યુઅલ બૂટમાં વિન્ડોઝ સાથે ઉબુન્ટુ ઈન્સ્ટોલ કરવું

ઉબુન્ટુ ઓપરેટિંગ સિસ્ટમ આધુનિક સમયના લગભગ તમામ પર્સનલ કમ્પ્યૂટર પર ઈન્સ્ટોલ કરી શકાય છે. તે પ્રોસેસર, મધરબોર્ડ અને હાર્ડવેર સંયોજનોની વિશાળ શ્રેણીને સપોર્ટ કરે છે. આપણે ઈન્ટરનેટ પરથી નિઃશુલ્ક ઉપલબ્ધ ઉબુન્ટુ ડિસ્ટ્રિબ્યુશન ડાઉનલોડ કરી શકીએ છીએ અને એક બૂટેબલ ડિસ્ક (bootable disk) બનાવી શકીએ છીએ, જેનો ઉપયોગ કોઈપણ કમ્પ્યૂટર સિસ્ટમ પર ઉબન્ટુ ઈન્સ્ટોલ કરવા માટે થઈ શકે છે.

આપણે ઉબુન્ટુનો ઉપયોગ એકમાત્ર ઓપરેટિંગ સિસ્ટમ તરીકે કરી શકીએ છીએ અને હાલની વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમની સાથે પણ તેનો ઉપયોગ કરી શકીએ છીએ. વિન્ડોઝ અને ઉબુન્ટુ બંને ઓપરેટિંગ સિસ્ટમ ધરાવતું કમ્પ્યૂટર 'ડ્યુઅલ બૂટ સિસ્ટમ' (dual boot system) તરીકે ઓળખાય છે. ડ્યુઅલ બૂટ સિસ્ટમ વપરાશકર્તાને કમ્પ્યૂટર શરૂ કરતી વખતે કોઈ ચોક્કસ ઓપરેટિંગ સિસ્ટમ પસંદ કરવાની સુવિધા આપે છે. અહીં, આપણે ડ્યુઅલ બૂટ સિસ્ટમ સેટ કરવા માટે પહેલેથી ઉપલબ્ધ માઈક્રોસોફ્ટ વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમની સાથે Ubuntu 22.04 કેવી રીતે ઈન્સ્ટોલ કરવું તે વિશે ચર્ચા કરીશું.

### ઈન્સ્ટોલેશન માટેની જરૂરિયાતો :

- વિન્ડોઝ પહેલેથી ઈન્સ્ટોલ કરેલું હોય તેવું કમ્પ્યૂટર (થોડી ખાલી ડિસ્ક સ્પેસ સાથે).
- ઓછામાં ઓછી 4GB ક્ષમતા ધરાવતી USB ડ્રાઈવ (બૂટેબલ ઉબન્ટુ ઈન્સ્ટોલર બનાવવા માટે).
- ઈન્ટરનેટ કનેક્શન (ઈન્સ્ટોલેશન દરમિયાન અપડેટ્સ ડાઉનલોડ કરવા માટે સલાહભર્યું છે).
- તમારા મહત્વના વિન્ડોઝ ડેટાનો બેકઅપ (ખૂબ જ જરૂરી).

### ઈન્સ્ટોલેશનના પગલાં :

**1. વિન્ડોઝ સિસ્ટમને ડ્યુઅલ બૂટ માટે તૈયાર કરવી :**

- વિન્ડોઝ સિસ્ટમમાં સંગ્રહિત તમામ મહત્વપૂર્ણ ડેટાનો બેકઅપ લો.
- ઓછામાં ઓછી 500 GB ફ્રી સ્પેસ ધરાવતું વિન્ડોઝ ડ્રાઈવ પાર્ટીશન બનાવો. તમે અસ્તિત્વમાં રહેલા D:\ અથવા E:\ પાર્ટીશનને ખાલી કરી શકો છો અથવા નવું પાર્ટીશન બનાવી શકો છો. પાર્ટીશન બનાવવા, તેનું કદ બદલવા અથવા ફોર્મેટ કરવા માટે 'Windows Disk Management Utility'નો ઉપયોગ કરી શકાય છે. જો કે, હાલની પાર્ટીશન સિસ્ટમમાં કોઈપણ ફેરફાર કરતા પહેલા ડેટાનો બેકઅપ લેવાની ભલામણ કરવામાં આવે છે. વિન્ડોઝ પાર્ટીશનમાં ફેરફાર કરવા સંબંધિત વિગતવાર માહિતી માટે આ લિંકનો સંદર્ભ લો :

  https://support.microsoft.com/en-us/topic/microsoft-how-to-re-partition-without-destroying-the-data-c3d64de0-4672-b21f-de4e-b4908fb35ae3

  (વૈકલ્પિક રીતે "How to modity windows partition" ની શોધ કરવાથી પણ સમાન પાનાં દર્શાવશે.)

**2. ઉબુન્ટુ ઈન્સ્ટોલેશન :**

એકવાર વિન્ડોઝ સિસ્ટમમાં ખાલી પાર્ટીશન અથવા ફ્રી સ્પેસ બની જાય, પછી આપણે નીચે જણાવ્યા મુજબ ઉબન્ટુ ઈન્સ્ટોલેશન પ્રક્રિયા શરૂ કરી શકીએ છીએ :

- https://ubuntu.com/download/desktop પરથી Ubuntu 22.04 ઈન્સ્ટોલેશન ઈમેજ ડાઉનલોડ કરો.
- ઈન્સ્ટોલેશન મીડિયા બનાવવા માટે ડાઉનલોડ કરેલી Ubuntu 22.04 ની ISO ફાઈલને USB ડ્રાઈવમાં write કરો. યાદ રાખો કે, USB ડ્રાઈવમાં માત્ર સાદું કોપી-પેસ્ટ કરવાથી બૂટેબલ મીડિયા બનતું નથી. બૂટ ઈમેજ ડ્રાઈવ બનાવવા માટે આપણને એક વિશિષ્ટ સોફ્ટવેર ટૂલની જરૂર પડશે. Ubuntu 22.04 ની બૂટેબલ USB બનાવવા માટે આ લિંકનો ઉપયોગ કરો:

  https://etcher.balena.io/



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- એકવાર બૂટેબલ USB ડ્રાઇવ તૈયાર થઈ જાય, પછી તેને લેપટોપ અથવા PC સાથે જોડો અને ઉપકરણને બૂટ અથવા રીસ્ટાર્ટ કરો.
- જ્યારે મીડિયા બૂટ થશે, ત્યારે તમારા મોનિટર પર આકૃતિ 1માં દર્શાવ્યા મુજબ એક નવી ‘ગ્રબ સ્ક્રીન’ (grub screen) દેખાશે. મેનૂમાંથી *Install Ubuntu* પસંદ કરો અને આગળ વધવા માટે Enter દબાવો.
- બૂટ મીડિયા RAMમાં લોડ થઈ ગયા પછી, તમારી સામે ‘લાઇવ મોડ’માં ચાલતી સંપૂર્ણ કાર્યરત ઉબન્ટુ સિસ્ટમ દેખાશે. લૉન્ચર (Launcher) પર 'Install Ubuntu' પસંદ કરો, જેનાથી ઈન્સ્ટોલર યુટિલિટી શરૂ થશે. તમારી પસંદગીની ભાષા અને કીબોર્ડ લેઆઉટ પસંદ કરો અને આગળ વધવા માટે *Continue* બટન પર ક્લિક કરો.




**આકૃતિ 1 : ઉબુન્ટુ ઈન્સ્ટોલેશન સ્ક્રીન**

- હવે પછીની સ્ક્રીન ઈન્સ્ટોલેશન પસંદગી (preference) વિશે પૂછશે, જે આકૃતિ 2 માં દર્શાવ્યા મુજબ છે. તેમાં પ્રથમ વિકલ્પ *Normal Installation* પસંદ કરો અને *Continue* બટન પર ક્લિક કરો.
- પછીની સ્ક્રીન તમને 'Installation Type' (ઈન્સ્ટોલેશનનો પ્રકાર) પસંદ કરવાનું કહેશે. ત્યાં Install Ubuntu alongside Windows વિકલ્પ પસંદ કરો. તે આપમેળે પાર્ટીશનના તમામ જરૂરી સ્ટેપ્સ સંભાળી લેશે.
- એકવાર ઈન્સ્ટોલેશન શરૂ થઈ જાય, પછી જ્યાં સુધી ઈન્સ્ટોલેશન પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્ક્રીન પર આવતી તમામ સૂચનાઓનું પાલન કરો.
- સફળતાપૂર્વક ઈન્સ્ટોલેશન થયા પછી, મશીનને રીસ્ટાર્ટ કરો. આકૃતિ 3માં દર્શાવ્યા મુજબ, કમ્પ્યૂટર Grub boot loader સ્ક્રીન બતાવશે, જે આપણને વિન્ડોઝ અને ઉબન્ટુ વચ્ચે પસંદગી કરવાની સુવિધા આપે છે. ઉબન્ટુ પસંદ કરો અને તેમાં કામ કરવાનું શરૂ કરો. જો તમારે ફરીથી વિન્ડોઝમાં જવું હોય, તો ફક્ત કમ્પ્યૂટર રીબૂટ કરો અને ગ્રબ (Grub) મેનૂમાંથી વિન્ડોઝ પસંદ કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




**આકૃતિ 2 : ઉબન્ટુ ઇન્સ્ટોલેશનની પસંદગીઓ**




**આકૃતિ 3: Grub બૂટલોડર**

**નોંધ :** વિવિધ પ્લેટફોર્મ્સ પર ઉબન્ટુ ઇન્સ્ટોલેશન સંબંધિત વિગતવાર સૂચનાઓ અને નવીનતમ અપડેટ્સ માટે નીચેની લિંકનો સંદર્ભ લઈ શકાય છે : https://ubuntu.com/tutorials/install-ubuntu-desktop#1-overview

• • •



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in